સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

સોંપી દો સેના વેપારીને, કરો ખાનગીકરણ!
ઉર્જા-પાણી-બોર્ડનું પણ, કરો ખાનગી-કરણ
દઈ દો ઉદ્યોગપતિઓને સચિવાલય પણ -
સાખો ટકાવારી ખાયકીમાં ખાનગી-કારણ!
(મલાઈ માલિકોની નવી-નીતિ)

અમે રાખશું -
જવાબદારી વિના -
ગાડી-બંગલા...
(ને સત્તા-પદનો દંડો)

ચિંતા હળવી -
કરે સરકારની -
નવું બજેટ...
(ખાનગીકરણ)

હાઈકુ

ચિંતન

ને તે સંગઃ અસ્તિ કેન અપિ કિમ્ શુદ્ધઃ અસ્તિ ત્યકતુમ ઈચ્છસિ ।
સંઘાતવિલયં કુર્વન્ન એવમ્ એવ લયં વ્રજ ॥

ઉપરોક્ત શ્લોક અષ્ટ્રાવક ગીતામાંથી લેવામાં આવેલ છે.

અહીં અહં ને ઓગળવાની આગવી સમજણ આપતા અષ્ટાવક કહે છે કે તારો કોઈની સાથે સંગ છે નહીં, તું શુદ્ધ છો. તો શેના ત્યાગની ઈચ્છઆ છે? સંઘાતનો - દેહનો - એટલે કે દેહભાવનો ત્યાગ કરી સ્વરુપમાં લય પામી જા, મોક્ષ પ્રાપ્ત કરી લે.

વ્રજ એટલે અંતિમ ગંતવ્યસ્થાન! જયાંથી ગયા પછી પાછા આવવાપણું ન રહે. અને વ્રજ્યા એટલે જયાં જવું ગમે તે ભૂમિ. ગમે એટલા માટે કે તે વિર-રજ છે. જયાં જરા પણ રજ નથી ધૂળ નથી, રજોગુણ નથી. સત્વનું જ પ્રાબલ્ય છે. અતિસ્વચ્છ અને શુદ્ધ છે. તે છે આપણી હૃદયભૂમિ રજોગુણ ન હોય તો તમો ગુણ પણ ન રહે. એ બંનેનું દ્વૈત છે. રાત-દિવસ જેવું રજોગુણ પ્રવૃત્તિ કરાવે ને પછી શ્રમને લીધે આરામ જરૂરી બને જે તમોગુણ આપે. સત્વગુણ રહે પણ એ આ બંનેની હાજરી હોય તો જ દેખાય, બાકી સ્વતંત્ર રીતે તે અદૃશ્ય જ રહે છે. હૃદયમાં સાચી શુદ્ધતા આવે ત્યારે વ્રજભૂમિ બને છે.

સુવિચાર

- ચતુરાઈ વધે પણ ચરિત્રમાં કડાકો બોલાઈ જાય એવા જ્ઞાનથી બચવા જેવું છે - **આચાર્ય વિજય રત્નસુંદરજી સૂરીશ્વરજી**
- 'ગઈકાલ' કેટલી ગઈ? હિસાબ નથી, 'આવતીકાલ' કેટલી આવવાની છે?
  ખબર નથી 'આજ' એક જ છે, શક્ય એટલો સદુપયોગ કરી લઈએ - **ડો. રાકેશ ઝવેરી**
- જયાં ઉપાય નહીં ત્યાં ખેદ કરવો યોગ્ય નથી - **શ્રીમદ રાદચંદ્રજી**
- મમતાને કાયા મળતાં જે મીઠી માયા રચાય તે છે મા-બાપ - **એસ. ભટ્ટાચાર્ય**
- શ્રદ્ધાનું શ્રાદ્ધ કરનારો કયારેય શ્રદ્ધેય ન બની શકે - **મોરારિ બાપુ**
- જૂઠો માણસ સોગંધ ખાવામાં ઉદાર હોય છે - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : એક કપ ગાજરના રસમાં પોણો કપ પાલકનો રસ મેળવી સૂર્યોદય સમયે અને સૂર્યાસ્ત સમયે નિયમિત રુપે સેવન કરવાથી આંખોના નંબર ઘટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

મહાપુરુષો કુશાગ્ર બુદ્ધિવાળા હોય છે. તેઓ અતિ સુક્ષ્મ જ્ઞાન અને અદ્‌ભૂત કોઠાસૂઝ ધરાવે છે.

સન ૧૮૭૭માં થોમસ આલ્વા એડિસને ફોનોગ્રાફની શોધ કરી પણ ઘણા વિઘ્નો આવવાથી તેમની આ શોધ અરધે રસ્તે વિરામ પામી રહી હતી. આ યંત્ર શોધવામાં ઘણા જુદા જુદા અખતરા ચાલુ હતા પણ સફળથા આધી જ રહી. એડિડન હતાશ થયો. અને પ્રયોગના આ યંત્રને લેબોરેટરીના ખૂણામાં ધૂળ ખાતું મુકી દીધું હતું.

એક વખત એમની નોકરાણી કચરો કાઢતી હતી ત્યારે યંત્ર ઉપરનો કચરો અને ધૂળ ખંખેરતી વખતે સાવરણીના સ્પર્શથી યંત્રમાંથી અકસ્માત ધ્વનિ ઉત્પન્ન થયાં ગાયન બોલતું સંભળાયું.

નોકરાણીએ આ ઘટના એસિડનને જણાવી. આ વાત સાંભળીને એડિસનને આશ્ચર્ય થયું. અને યંત્રના કયા ભાગને સાવરણીનો સ્પર્શ થયો હતો તે વાતની નોકરાણી સાથે ચર્ચા કરી. સ્ત્રીએ બતાવ્યા પ્રમાણે યંત્રમાં જોઈતો સુધારો વધારો કરવાથી અળાજ રજૂ કરતું ફોનોગ્રાફ તૈયાર થયું.

આ પ્રમાણે આકસ્મિત રીતે ફોનોગ્રાફની શોધ થઈ.

કોંગ્રેસમાં વધુ એક વિભાજનના સંકેત

તંત્રીસ્થાનેથી...

ઑકટોવિયન હ્યૂમ નામના ભારતપ્રેમી સંવેદનશીલ અંગ્રેજની માનસ કન્યા સમી કોંગ્રેસે એની સ્થાપના પછી વારંવાર નવાં રંગરૂપ ધારણ કર્યાં છે. અત્યારે દેશણાં ડાબેરી ઝોક ધરાવતી નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી કે તૃણમૂલ કોંગ્રેસથી લઈ સમાજવાદી પાર્ટી કે જનતા દળ (યુ) અને જનતા દળ (એસ) જેવી પાર્ટીઓનું મૂળ ગોત્ર કે ગંગોત્રી કોંગ્રેસ જ છે. ૨૮ ડિસેમ્બર, ૧૮૮૫થી લઈ ૨૦૨૧ના માર્ચ સુધીના પ્રલંબ યાત્રા દરમિયાન આ રાષ્ટ્રીય સંસ્થામાં અનેક ઉતાર ચઢાવ આવ્યા છે. એને સુરેન્દ્રનાથ બેનરજી, દાદાભાઈ નવરોજી અને વિઠ્ઠલભાઈ પટેલથી લઈ ફિરોરશાહ મહેતા, ટિળક-ગોખળે અને ગાંધી-જવાહર - સરદારનું નેતૃત્વ સાંપડતું રહ્યું. દરેક નેતાએ એને પોતાની આગવી ઓળખથી રંગવા પ્રયાસ પણ કર્યો. આઝાદી વખતની કોંગ્રેસ મહાત્મા ગાંધીના મજબૂત પ્રભાવ હેઠળ લગભગ એમના ખીસ્સામાં હતી એમ કહેવામાં અતિશયોક્તિ નથી. ગાંધીજીની ઈચ્છા મુજબ જ વચગાળાની સરકારના વડા તરીકે પંડિત જવાહરલાલ નહેરુની વરણી કરાઈ હતી અને એ સમય-સંજોગ તેમજ નહેરુની પ્રચંડ પ્રતિભાની દૃષ્ટિએ તે યોગ્ય નિર્ણય પણ હતો. પરંતુ જેમ આઝાદી પૂર્વે ટિળક અને ગોખલે વચ્ચે મતભેદ હતા કે પછી જેમ સુભાષબાબુ બહુમતીથી પ્રમુખ તરીકે ચૂંટાયા છતાં ગાંધીજીને એ સ્વીકાર્ય નહોતા બની શક્યા એમ 'નહેરુ પછી કોણ' ની સમસ્યા વખતે મોરારજી દેસાઈ અને અન્ય વરિષ્ઠ નેતાઓ વચ્ચે નેતૃત્વ મુદ્દે સ્પષ્ટ મતભેદો હતા જેની ફલશ્રુતિ એ થઈ કે મોરારજી દેસાઈની લાયકાત અને કાબેલિયત કે આંતરરાષ્ટ્રીય ઈમેજ છતાં તેઓ નહેરુના અને શાસ્ત્રીજીના અવસાન પછી વડાપ્રધાનની રેસમાં ટકી શક્યા નહોતા. એ પછીનો ઈતિહાસ જાણીતો છે. મોરારજી ભાઈને નાણાંખાતું આપી નાયબ વડાપ્રધાન બનાવાયા છતાં એમની સતત ઉપેક્ષા થતી રહી હતી. આખરે મતભેદો ઉગ્ર બનતાં. અઠંડ ગાંધીવાદી નેતાએ જુદો ચોકો જમાવ્યો હતો. સંસ્થા કોંગ્રેસ અથવા 'સિન્ડિકેટ' અને ઈંદિરા કોંગ્રેસ અથવા 'ઈંડિકેટ' જેવા જૂથો સામસામાં ભિડાયાં હતા. વરિષ્ઠ નેતાઓ સિન્ડિકેટ સાથે હોવા છતાં ઈંદિરાજીનાં પ્રગતીશીલ પગલાં જેવા કે બેન્કોનું રાષ્ટ્રીયકરણ, રાજાઓનાં સાલિયાણાંની નાબૂદી વગેરેને કારણે એ પ્રજામાં પ્રિય બની રહ્યાં અને છેક કટોકટીને કારણે બધા વિરોધીઓએ ભેગા મળીને જનતા પાર્ટીના નિશાન પર ચૂંટણી લડી એમને હરાવ્યાં ત્યાં સુધી અણનમ રહ્યાં હતા. સિદ્ધાંત વિહોણું ગઠબંધન માંડ અઢી વર્ષ ચાલ્યું અને ફરી પાછો ઈંદિરા યુગનો ઉત્તરાર્ધ શરૂ થયો જે હવે લગભગ પારિવારિક શાસનનો જ સમયગાળો રહ્યો. ઉત્તરાધિકારી તરીકે સંજય ગાંધીના આકસ્મિક મૃત્યુ પછી રાજીવ ગાંધીની વરણી થઈ. ઈંદિરાજીની હત્યા પછી બિનઅનુભવી રાજીવ ગાંધીને સહાનુભૂતિના વોટ મળ્યાં પરંતુ કોંગ્રેસનું કાઠું નિરંતર નબળું પડતું ગયું. અત્યારે જે 'જી-૨૩'ના નામે ઓળખાય છે તે પૈકીના ઘણા નેતાઓ રાજીવકાળમાં વિકસ્યા હતા. 'જી-૨૩' ના આગેવાનો કોંગ્રેસનાં બૌદ્ધિકો છે, એટલે એમને પાર્ટીને સક્રિય નેતૃત્વ મળી રહે એવો અવાજ ઉઠાવવાની હિંમત કરી છે. જો કે પરિવાર કેન્દ્રી પાર્ટી આવી ટીકા સાંભળવા ટેવાયેલી નથી. પરિવાર પ્રત્યેની વફાદારી એક માત્ર માપદંડ રહેતા શરદ પવાર કે માધવસિંહ સોલંકી જેવા લોકપ્રિય પ્રાદેશિક આગેવાનો હાંસિયે ધકેલાયા અને અહમદ પટેલ, મોતીલાલ વોરા કે એ.કે. એન્ટની જેવા પોતાની કોઈ ખાસ કોન્સ્ટિટ્યૂએન્સી નહીં વિકસાવી શકેલા આગેવાનોની બોલબાલા થતી રહી. ગુલામનબી પણ એવા જ એક બેઝ વગરના નેતા છે. એવી જ સ્થિતિ કપિલ સિબ્બલ અને આનંદ શર્માની છે. બેઝ ધરાવતા બે નેતાઓ સચિન પાઈલટના પિતા રાજેશ પાઈલટ અને જયોતિરાદિત્ય સિંધિયાના પિતા માધવલાલ સિંધિયા અકાળે અવસાન પામતાં પાર્ટીમાં નેતૃત્વનો ભારે શૂન્યાવકાશ સરજાયો હતો. નરસિંહરાવ અને અર્જુનસિંહનાં જૂથો એકમેક વિરુદ્ધ ઝેર ઓકતાં રહ્યાં. બેઝ વગરના બુદ્ધિશાળી નેતા પ્રણવ મુખર્જી જે મળ્યું એમાં સંતોષ માનીને ચાલ્યા અને મનમોહનસિંહ તો શ્રેષ્ઠ અર્થશાસ્ત્રી હોવા છતાં નેતા તરીકે સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યા. ગાંધી પરિવાર જ કોંગ્રેસ પર હાવી રહ્યો જેનું પરિણામ એ આવ્યું છે કે હવે કોંગ્રેસ પાસે સોનિયા-રાહુલ-પ્રિયંકા સિવાય કોઈ નેતા જ નથી! એમની નિષ્ફળતા વિશે વાત કરનારાઓને દરવાજો દેખાડી દેવાની કૂટનીતિ હવે પાર્ટીમાં વધુ એક વિભાજન કરાવીને જંપશે.

માનવીની સફળતામાં પુરુષાર્થનો મહિમા તથા નસીબની યારી

શ્રેણિક દલાલ

માનવી પોતાનું નસીબ લઈને જ જન્મે છે તથા સાથે સાથે હાથ, પગ, મગજ જેવા બધાં જ શરીરનાં અવયવો પણ હોય છે. પરંતુ અમુક માનવી નસીબમાં જ માનતા હોય છે અને મનમાં પોતે સમજતા હોય છે કે જે નસીબમાં લખાયું હોય છે તે જ થવાનું છે અને નસીબ પર મદાર રાખતાં હોય છે. ખરાબ થાય તો પોતાના નસીબ પર રડતા હોય છે અને સારૂં થાય તો નસીબની બલિહારી ગણતા હોય છે.

વાતવાતમાં અમુક લોકો કોઈ પણ સારા નરસા બનાવો બનતા નસીબને જોડી દે છે. નસીબ ગત ભવમાં કરેલાં કર્મોને આધીન બનેલું હોય છે જ્યારે તે કર્મો પુરુષાર્થથી થતાં હોય છે.

માનવી જો ધારે તો શું નથી કરી શકતો. આ આધુનિક જમાનામાં માનવીની બુદ્ધિ તથા પ્રયાસથી વિજ્ઞાન ડગલે ને પગલે ઝપડી ગતિએ ઉર્ધ્વ દિશામાં આગળ વધતું જાય છે તથા પ્રગતિ કરી શક્યુ છે તેને કારણે જાત જાતની વિવિધ કક્ષામાં શોધો શોધાઈ છે. ટી. વી., વિડીયો, સીડી, કમ્પ્યુટર, દૂરધ્વની વિવિધ સગવડો આધુનીક મશીનોથી માનવીને ઘણી સગવડતા મળવા લાગી છે. આ શોધથી દુનિયામાં દૂર દૂર વસતા લોકો નજદીક થઈ ગયાં છે. વિજ્ઞાન તો પુરુષાર્થની પ્રસાદી છે. જે માનવીઓ નસીબમાં માનતા નથી પણ પુરુષાર્થમાં પોતાનુ ભાવિ ભાખતા હોય છે તે પોતાના કાર્યમાં સફળતા મેળવતા પોતાને જે આત્મસંતોષ મળે છે તેનો આનંદ નસીબે યારી આપી હોત તો પણ તેઓને તેટલો આત્મસંતોષ ન જ મળત.

લોટરીમાં ઈનામ લાગવું અથવા જુગારમાં કે રેસમાં જીતી જવું તે નસીબની બલિહારી ગણાય છે. પણ રમતગમતમાં જીત મેળવવા પુરુષાર્થ વધારે મહત્વની ભૂમિકા ભજવતો હોય છે. પણ કુદરતી રીતે કોઈ અડચણ આવતાં રમતગમતમાં પરિણામમાં ફરક પડતાં જીતતી ટીમ હારી જતા કે હારતી ટીમ જીતી જવામાં નસીબ ભાગ ભજવે છે.

અમુક માનવીને પોતાના ધંધામાં બરકત વધતી જાય છે. જ્યાં હાથ નાખે ત્યાં તેને પૈસા જ પૈસા મળતા હોય છે ત્યારે નસીબ મુખ્ય ભાગ ભજવતું હોય છે. જ્યારે બીજી વ્યક્તિ એ જ ધંધામાં એટલી જ હોશિયારીથી પુરુષાર્થ કરતો હોવા છતાં નુકસાન ભોગવતો હોય ત્યારે કમનસીબ મુખ્ય ભાગ ભજવતું હોય છે.

લાડવો સામે જ પડ્યો હોય પરંતુ ખાવા માટે પુરુષાર્થ કરીને લાડવો મોંમાં મૂકવા માટે હાથ તો લંબાવવો પડે છે પરંતુ જો તે લાડવો ખાવાના નસીબમાં નહિ જ હોય તો હાથમાં લેતા જ તે લાડવો પડી જશે.

પુરુષાર્થ જીતે કે નસીબ એવો સવાલ ઉભો થતાં માનવીએ સમજવું જોઈએ કે સફળતામાં એકલું નસીબ કે એકલો પુરુષાર્થ જ ભાગ નથી ભજવતો પરંતુ બંન્નેનો મળે હોય છે.

કુછ ખોકર પાના હૈ...કુછ પાકર ખોના હૈ..

વિચારયાત્રા

ડો. જય ઓઝા

એક પ્યાર કા નગમા હૈ
મૌજોં કી રવાની હૈ
જિંદગી ઔર કુછ ભી નહીં
તેરી મેરી કહાની હૈ
એક પ્યાર કા નગમા હૈ
મૌજોં કી રવાની હૈ
કુછ પાકર ખોના હૈ
કુછ ખોકર પાના હૈ
જીવન કા મતલબ તો
આના ઔર જાના હૈ
દો પલ કે જીવન સે
ઈક ઉંમર ચુરાની હૈ
જિંદગી ઔર કુછ બી નહીં
તેરી મેરી કહાની હૈ
એક પ્યાર કા નગમા હૈ
તૂ ધાર હૈ નદિયાં કી
મૈં તેરા કિનારા હૂં
તૂં મેરા સહારા હૈ
મૈં તેરા સહારા હૂં
આંખો મેં સમંદર હૈ
આશાઓં કા પાની હૈ
જિંદગી ઔર કુછ ભી નહીં
તેરી મેહી કહાની હૈ
એક પ્યાર કા નગમા હૈ....

ફિલ્મ 'શોર'નું સંતોષ આનંદ દ્વારા લખાયેલું આ ગીત છેલ્લા દસેક દિવસથી વળી પાછુ ચર્ચામાં છે. મહાન ગીતકાર સંતોષ આનંદ એક મ્યુઝિક શોમાં આવ્યા અને તેમની દારૂણ સ્થિતિ, કથળેલું સ્વાસ્થ્ય અને વધતી ઉંમર સાથે વ્હીલચેરમાં એમને જોઈને હૃદય દ્રવી ઊઠે. થોડી થોડી લકવાની અસર હોવાના કારણે બોલવામાં તકલીફ પડે તેવા સંતોષ આનંદ પોતાની સંઘર્ષ ગાથા જણાવતા હતા ત્યારે સાંભળનાર દરેકની આંખો ભીની થઈ જાય છે.

જીવનનું શાશ્વત સત્ય એટલે સમય. ગમે તેટલી મુઠ્ઠીઓ વાળી દઈએ પરંતુ હાથમાંથી રેતી સરકી જાય તેવી રીતે સરકી જતો સમય. આ સમય જ્યારે સરકતો જતો હોય ત્યારે જો સમયની વખતની કિંમત કરવાનું આપણે ચૂકી જઈએ તો આપણો સમય એની કિંમત માગીને વહ્યો જાય છે.

કુછ ખો કર પાના હૈ... કુછ પાકર ખોના હૈ.. કેટલા સરળ શબ્દોમાં જીવનનો સૌથી મોટો ગૂઢાર્થ સમજાવી દીધો છે. કંઈક ગુમાવીને કંઈક મેળવવાની અને કંઈક મેળવીએ ત્યારે કંઈક ગુમાવવાનું. આ તો આપણે જન્મ લઈને ત્યારથી જ જોતા આવીએ છીએ. માના ગર્ભમાં નિરાંતે નવ મહિના આપણું પોષણ થતું હોય છે, છતાં નવમાં મહિને તો પરિશ્રમ કરીને રોતા કકળતા એ નિરાતની કોખ છોડીને બહાર આવવું પડે છે ને! માના ગર્ભની હુંફ છોડી દેવી પડે છે પણ સામે પ્રાપ્ત થાય છે આ જગત આ પ્રકૃતિ સુંદર દુનિયા.

વળી પાછું એયને આરામથી ચાર પાંચ વર્ષ ઘરમાં કાલી કાલી ભાષામાં કિલકારી કરતું-ફરતું બાળક પરિવારનું કેન્દ્ર બિંદુ જેવું બાળક પહેલીવાર સ્કુલે મોકલવામાં આવે ત્યારે ખૂબ મા-બાપને અને બાળકને કપરું લાગે છે. પરિવારનો લાદકો લાલ નિશાળમાં એક રોલ નંબર બનવાનો હોય તો કોને ગમે ! મારા-તમારા આપણા બધાના જીવનનું આ સત્ય છે. કુછ ખો કર પાના હૈ... કુછ પાકર ખોના હૈ.

જે પણ આવે તે પાછલાં કરતાં વધુ મજેદાર અને લિક્ષ્ઝતભર પળો આપવા માટે જ આવે છે તે સમજીને ચાલવું. બાકી પાછલું કંઈક છૂટે ત્યારે દુઃખ થવું સ્વાભાવિક છે. જ્યાં સુધી કાળના ગર્ભમાં શું છે તે આપણને ખબર નથી પડતી તે આપણી માટે આશીર્વાદરૂપ છે. બાકી સહદેવને પૂછો કે ભવિષ્ય ખબર પડે તો શું હાલત થતી હોય છે.

જીવનનું આ અમીટ સત્ય આપણે વિસ્મરી જઈએ છીએ, પૂરબ ઔર પશ્ચિમ, શોર, રોટી કપડા ઔર મકાન જેવી સફળ ફિલ્મોમાં ગીત લખનાર બે-બે ફિલ્મફેર એવોર્ડ પ્રાપ્ત કરનાર સંતોષ આનંદની આવી દયનીય હાલત ! ! કેમેય કરીને સમયની અકળ ગતિ કળી શકાતી નથી. એવા તો કેટ-કેટલા ઉદાહરન આપણી સમક્ષ છે, જે કલાકાર, નેતા, પોતાના સમયનો સૌથી સફળ વ્યક્તિ એક સમય આવે અને સૌથી સફળમાંથી ગુમનામીના એવા દલ-દલમાં ફસાઈ જાય કે ક્યારેય તેમાથી બહાર ન આવી શકે.

રાજકીરણને ગુમનામીરુપી મેન્ટલ અસાયલમમાંથી રીષીકપૂરે શોધી કાઢ્યો હતો. તો વળી અભિનેત્રી અંતરામાલીના પિતા કે જેઓ ૧૯૭૦થી ૧૯૯૦ સુધી સ્વયં ખૂબ જ ખ્યાતનામ ફોટોગ્રાફર હતા. તેઓ તેમના અંતિમ સમયમાં મુંબઈના અંધેરી વિસ્તારમાં અર્ધનગ્ન હાલતમાં મળી આવ્યા અને અંતે માત્ર ૫૯ વર્ષની ઉંમરે નાણાવટી હોસ્પિટલમાં મલ્ટીપલ ઓર્ગન ફેલ્યોઅરને કારણે મૃત્યુ પામ્યા.

સફળતાનો સૂર્ય જ્યારે મધ્યાહ્ને ઝળહળતો હોય ત્યારે સદાય એ યાદ રાખવું કે આ સવારની સાંજ અચૂક પડવાની છે. ખરાબ સમયની તૈયારી સારા વખતમાં જ કરી લેવી એ સમજદારી છે. પ્રયત્નપૂર્વક હંમેશા સલામત જીવનની ઈમારત રચતા રહેવી એ આપણું કર્તવ્ય છે. બાકી ઈશ્વરની ઇચ્છા વગર તો પાંદડું પણ હલતું નથી તેમ માનીને હાથ પર હાથ ધરીને બેઠા રહેવાથી અકર્મણ્યતાના વાહક બનીને જીવવાનો કોઈ અર્થ નથી. ઘણા ક્રીકેટર, અભિનેતા, સંગીતકારો, ગીતકારો અને બીજા પ્રખ્યાત ગણમાન્ય લોકો કાળની ગર્તામાં ખોવાઈ જતા આપણે જોયા છે. આપણે બસ આ દુનિયામાં પ્રત્યેક પળને માણવા આવ્યા છીએ તો આવનારી પળોને સજાવતા રહેવી એ પણ આપણું કર્તવ્ય છે.

કુછ ખોકર પાના હૈ...કુછ પાકર ખોના હૈ.. આ ચકડોળની જેમ પલટાતી પરિસ્થિતિઓમાં "મન કા મિલે તો અચ્છા ઔર ના મિલે તો ઔર અચ્છા"ની જેમ અભિગમ દાખવવાનો છે.

- jayuoza@gmail.com,
Mo.9898046488

વર્ક સ્પીરિટ વગર વર્ક સેન્સેશન ક્યાંથી આવે?

આત્મનાદ

પુલક ત્રિવેદી

pulak63@gmail.com

એક સંવેદનશીલ મિત્રને એવી આદત કે, રોજે રોજ એક પાના ઉપર હૃદયની ઊર્મિઓને ઠાલવે. છેલ્લા ત્રણ દાયકાઓથી એક પણ દિવસના ગેપ વગર રોજ એ મિત્ર એની દીકરીને એક પાનું લખે. દીકરીના તો છેલ્લા સાતેક વર્ષથી વિવાહ થઈ ગયા છે અને અમેરિકામાં એના પતિ સાથે સેટલ થઈ ગઈ છે. આ બાજુ આ મિત્ર પણ સેવા નિવૃત્ત થઈ ગયા છે. પરંતુ પ્રતિદિન પુત્રીને એક પાનું ડાયરીમાં લખવાનો ઉપક્રમ એમણે જાળવી રાખ્યો છે. નિવૃત્તિના સમયથી બહુ પહેલાથી એમણે એમની સંવાદનાના વહનનો સુંદર માર્ગ શોધી લીધો છે. એમને ડાયરી લખવાની મોજ આવે છે.

જીવનમાં જેની મોજ આવે એ જ કરવાનું હોય. સંભવ છે કોઈવાર કોઈ કામ પરાણે પણ કરવું પડે. તો એ પણ કરી જ લેવું. સંપૂર્ણ શીદ્દત સાથે કોઈપણ રંજ વગર જીવ રેડીને કરી લેવું. માત્ર કરવા ખાતર કોઈ કામ કરવાનો અર્થ નથી. દરેકે દરેક કામ તમે જ કરો એ ક્યાં જરૂરી છે ? અને બધા કામ મારે કરવા એવી જીદ પણ નકામી છે. સહજ રીતે જે કાંઈપણ સુજે એ કરી લેવું. પ્રયત્નપૂર્વક કોઈપણ બાબતને અટકાવી દેવામાં માલ નથી.

સમયના પ્રવાસી રહેવામાં મોજ છે. સંભવ છે ક્યારેક સમયને ઘુંટણીએ પડી જવામાં પણ ક્યારેક આનંદ આવે. જો કોઈને મળવા માટેનો કોઈ સમય સુનિશ્ચિત કર્યો હોય તો બિલકુલ એ સમયે હાજર થઈ જવામાં અંતઃકરણનો આનંદ હોવો જોઈએ. એક ભાઈ એની અર્ધાંગિનીને સવારે કહે કે આજે સાંજે સાડા પાંચ વાગે આપણે સરીતા ગાર્ડનમાં વોક માટે જઈશું. અને શાર્પ સાડા પાંચના ટકોરે બન્ને ઘરની બહાર જ હોય. ન તો એમને કોઈને મળવાનું હતું કે ન તો એમણે કોઈ અગત્યના દસ્તાવેજો ઉપર દસ્તખત કરવાના હતા. પણ સમય પાલન સાથે એમનો અદભુત તાલમેલ હતો. નિર્ધારિત સમય બાદ થતા કોઈપણ કામમાં સક્કરવાર નથી હોતો.

બસ સ્ટેન્ડ હોય કે રેલવે સ્ટેશન, એરપોર્ટ હોય કે ઉબર-ઓલાના ડ્રાયવરને બોલાવ્યો હોય, સમયસર તૈયાર રહેવાનું સમીકરણ બેસાડવું પડે. શક્ય છે આ સ્વભાવ કોઈને લપલપીયો કે ચીકણો પણ લાગે પરંતુ એના કારણે જીવનમાં નુકસાન તો નથી જ નથી. સામાન્ય રીતે ઘણા લોકો સમયથી મોડા પહોંચવાની વાતને પોતાની વેલ્યુએશન સમજે છે. ખરેખર તો આ વેલ્યુએશન કરતાં ડિવેલ્યુએશન વધુ છે. સેવા નિવૃત્તી હોય કે પ્રવૃત્તિમાં હોવ, જે કાંઈ પણ કરવામાં આવે એ હોલ હાર્ટેડલી કરવામાં આવે તો જ એમાં હોલીસ્ટિક એપ્રોચ આવે. મહદંશે લોકો કરવા ખાતર કામ કરે છે. પ્રાણ લગાવીને કરતા નથી. એટલે જ પરિણામોથી વ્યથીત થઈ જતા હોય છે. વર્ક સ્પીરિટ વગર વર્ક સેન્સેશન આવતું નથી.

જ્યારે કોઈપણ કાર્ય હાથ ઉપર લેવામાં આવે ત્યારે એ જ સમયે તમારો સ્પસ્ટ જવાબ હોવો જોઈએ કે આ કાર્ય કરી શકશો કે નહીં. કોઈને પણ તમારી પાછળ ફેરવવામાં રસ ન હોવો જોઈએ. એકવાર કામ કરવાની સંમતિ આપ્યા પછી એ કાર્ય ક્યાં, કેટલું અને કેવું છે એની નાનામાં નાની વિગતો આપવાનો એપ્રોચ તમારી કાર્યનિષ્ઠાનું પ્રમાણ આપતુ હોય છે. 'ફીડબેકલ્લ આપવાની વાતનું અત્યંત મહત્વ છે. જો કોઈ કામ ન થઈ શકે તો સ્પષ્ટતાપૂર્વક એની ના પાડવાની આવડત હોવી જોઈએ. ના પાડવા પાછળના કારણો પણ ઉજાગર થાય તો સારું. જ્યારે કોઈ કામ નથી જ કરવાના કે નથી જ થઈ શકવાનું તો પછી એની માટે બીજાને ખોટી આશા અને અરમાનમાં રાખવાનું પાપ ક્યારેય ન કરવું.

જ્યારે સાથીઓ પાસેથી કોઈ કામ લેવાની વાત આવે ત્યારે ક્યારેક સમયની પાબંદી છૂટી જતી હોય એવું પણ બને. આવા સંજોગોમાં લક્ષ્ય અને સમય વિશે સાથીઓનું ધ્યાન દોરી પ્રોત્સાહિત કરવા જોઈએ. વારંવારની દખલઅંદાજી કંસારને થુલી બનાવી દેશે. જ્યાં ટીમવર્ક હોય ત્યાં સ્ટીમવર્કનું સ્થાન નથી. અન્યની ખામીઓમાં ક્યારેય અતિઉત્સાહ દેખાડવાની જરૂર નથી. વ્યક્તિ ક્યારેય પોતાનો બરડો ક્યાં જોઈ શકે છે ? જરૂર છે પોતાની ખામીઓને જોઈને એના પ્રતિ સજાગ બનવાની. પોતાની ક્ષમતાને ઓળખી ક્ષતિઓને અતિક્રમવાની છે. અન્યની ખામીઓને ખંજવાળવાની ક્યાં જરૂર છે ?

નિવૃત્ત વ્યક્તિ માટે જીવનની ઊર્જા જે ગમે એ કરવામાંથી મળતી હોય છે. નહીંતર જતી ઉંમરમાં માણસ મટી મેડિકલ ફાઈલ બની જતા વાર નહી લાગે. પ્રસિદ્ધ લેખક સુરેશ દલાલે એક જગાએ સરસ લખ્યું છે કે, 'હું માણસ મટીને મેડિકલ રીપોર્ટ થઈ ગયો છું. એક્સ-રે થઈ ગયો છું, થઈ ગયો છું બ્લડ ટેસ્ટ, નીકળતા જાય છે કાર્ડિયોગ્રામ, ઈકો-કાર્ડિયોગ્રામ. આમ ને આમ જિંદગી વહી જાય છે. એક સ્થળેથી બીજા સ્થળે રિપોર્ટ કઢાવવાના. જાતજાતના ડૉકટર્સને એ બતાવવાના. રિપોર્ટ અહીં કઢાવવાના અને બિલ ત્યાં ચૂકવવાના. માંદગીથી કંટાળતા નથી એટલા આવી હડીયાપટ્ટીથી કંટાળીએ છીએ. આમને આમ હું માણસ મટી મેડિકલ ફાઈલ થઈ ગયો.ત્ન પેલા મિત્રને પ્રવૃત્તિ હોય કે નિવૃત્તિ રોજ એક પાનુ લખવામાં મોજ આવે છે તો કોઈ વાર વાંસળી, માઉથ ઓરગન કે ગીટાર વગાડી આનંદ કરી લે છે. મુળ વાત આનંદની છે વયસ્ક બનવાની નથી. આમ કરાય ને આમ ન કરાય, એવી ઘરેડમાં જીવતો રહે એના દરવાજે ઘઢપણ દસ્તક દેતા વાર નથી લગાડતું.

ધબકાર :

છેલ્લા શ્વાસ સુધી કામનો નશો રોજેરોજના મોતને માત આપવાનુ અમોઘ શસ્ત્ર છે.